# આફ્રિકાના ગુનેગારો માટે ભરૂચના લોકો સોફ્ટ ટાર્ગેટ

સુરત : સાઉથ આફ્રિકાના પિટોરિયામાં પરિવાર સાથે રહેતા અને વ્યવસાય કરતા જંબુસરના વેપારી આસિફ ઘાસીયાના અપહરણની ગંભીર ઘટના સામે આવી છે. પોલીસ યુનિફોર્મમાં ઊભેલા શખ્સોએ ચેકિંગના બહાને તેમની કાર રોકી હતી. વેપારી કારમાંથી નીચે ઊતરતા જ તેમને બીજી કારમાં જબરદસ્તી બેસાડી લઈ જવામાં આવ્યા હોવાનો આક્ષેપ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભરૂચથી આફ્રિકાના જુદા જુદા દેશમાં સ્થાયી થયેલા લોકોને વારંવાર ટારગેટ કરવામાં આવે છે. છેલ્લા સાત વર્ષની વાત કરીએ તો અનેક મૂળ ભરૂચના ગુજરાતીઓને લૂંટી લેવામાં આવ્યા છે અને તેમના અપહર કરવામાં આવ્યા છે.




**(૨૦૧૮) મોઝામ્બિકમાં હત્યા:** ભરૂચના સીલુડીના શૌકત મમુજી નામના યુવકની મોઝામ્બિકમાં લૂંટારુ ટોળકી દ્વારા લૂંટના ઈરાદે હત્યા કરવામાં આવી હતી.

**(૨૦૧૯) લૂંટ અને હત્યા:** ભરૂચના એક પરિવારના ૫ સભ્યો લૂંટના ઈરાદે હુમલાનો ભોગ બન્યા હતા, જેમાં એકની હત્યા પણ કરાઈ હતી.

**(સપ્ટેમ્બર ૨૦૨૦) ગન પોઈન્ટ પર લૂંટ:** ભરૂચના વોરા સમની ગામના વતની અકરમ પટેલ (કોઠા)ને સાઉથ આફ્રિકાના વેન્ડા શહેરમાં ગન પોઈન્ટ પર હવામાં ફાયરિંગ કરી ૫,૦૦૦ રેન્ડ અને મોબાઈલની લૂંટ કરવામાં આવી હતી. આ જ વિસ્તારમાં અગાઉ જંબુસરના બસીર લાલસા નામના અન્ય એક વ્યક્તિ પણ લૂંટાયા હતા.

**(ઓગસ્ટ ૨૦૨૩) ૩ વ્યક્તિઓ પર ફાયરિંગ:** આફ્રિકાના ઝામ્બિયામાં લૂંટના ઈરાદે લૂંટારુઓએ ભરૂચના ત્રણ પર ફાયરિંગ કર્યું હતું.

**(સપ્ટેમ્બર ૨૦૨૪) વેપારીની દુકાનમાં લૂંટ:** વેનદા શહેરમાં ભરૂચના વેપારી ઉસ્માન લાખની દુકાનમાં ઘૂસીને મારામારી કરી લૂંટ ચલાવવામાં આવી હતી.

**(માર્ચ ૨૦૨૪) ૧ યુવકની લૂંટના ઈરાદે હત્યા:**



સરોદ ગામના સાહિલ મુનશીને પ્રિટોરિયા નજીક લૂંટારુઓએ આંતરીને લૂંટ કરી ગોળી મારી હત્યા કરી દીધી હતી.

**(જુલાઈ ૨૦૨૧) રમખાણો દરમિયાન સામૂહિક લૂંટ:** દક્ષિણ આફ્રિકામાં ફાટી નીકળેલા રમખાણો વખતે દરબન અને જોહાનિસબર્ગમાં રહેતા ભરૂચના ટંકારીયા અને અન્ય ગામોના અનેક વેપારીઓની દુકાનો અને ઘરોમાંથી લાખો રૂપિયાની મતા લૂંટી લેવાઈ હતી.

# ફૂલવાડી ગ્રુપ ગ્રામ પંચાયત વિસ્તારમાં મચ્છરોનો ઉપદ્રવ

**ગંદા પાણી અને ગંદકીના કારણે ડેન્ગ્યુ-મેલેરિયા સહિતના રોગચાળાની ભીતિ, તાત્કાલિક કામગીરીની માંગ**

કુકરમુંડા: કુકરમુંડા તાલુકાના ફૂલવાડી ગ્રુપ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ફૂલવાડી, કુકરમુંડા, કેળણી (કૌઠીપાડા), ગાડિત, ડોડવા, કોરાલા, ઉટાવદ, ગોરાસા અને કન્ડ્રોજ સહિતનાં ગામોમાં વરસાદના વિરામ બાદ વાતાવરણમાં પલટો આવતાં મચ્છરોનો ઉપદ્રવ ચિંતાજનક રીતે વધ્યો હોવાની ફરિયાદો સામે આવી છે. વરસાદી પાણી ભરાયેલા નીચાણવાળા વિસ્તારો, ખાડા-ખાબોચિયાં તેમજ અન્ય સ્થળોએ અત્યંત દુર્ગંધયુક્ત ગંદું પાણી ભરાઈ રહેતાં આસપાસ ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. જેના કારણે મચ્છરોની સંખ્યા વધતાં ગ્રામજનોમાં ડેન્ગ્યુ, મેલેરિયા, તાવ સહિતના રોગચાળા ફાટી નીકળવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્થાનિકો દ્વારા માંગ કરવામાં આવી છે કે ફૂલવાડી ગ્રુપ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ તમામ ગામોમાં આરોગ્ય વિભાગની ટીમ દ્વારા તાત્કાલિક સરવે હાથ ધરવામાં આવે. ગંદા પાણી ભરાયેલાં સ્થળો, ગંદકીવાળા વિસ્તારો તેમજ ગામની શેરીઓમાં જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવે. સાથે જ આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ઘરે-ઘરે મુલાકાત લઈ શંકાસ્પદ બીમાર લોકોનું આરોગ્ય ચેકઅપ કરવામાં આવે તથા જરૂરી દવાઓનું વિતરણ કરવામાં આવે તેવી પણ માંગ ઊઠી છે. વરસાદી માહોલ બાદ સંભવિત રોગચાળો ફેલાય તે પહેલાં તંત્ર દ્વારા સાવચેતીના પગલાં લેવામાં આવે તેવી ગ્રામજનોની માંગ છે.



## સંક્ષિપ્ત સમાચાર

### તરસાડીની સાયન્સ કોલેજમાં સ્પોર્ટ્સ ઇવેન્ટનું આયોજન


ઈબ્રાહીમ કાનુ

હથોડા: તરસાડી ખાતે આવેલી આદર્શ કેળવણી મંડળ સંચાલિત સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે શનિવારે રાષ્ટ્રીય રમતગમત દિવસ નિમિત્તે સ્પોર્ટ્સ ઇવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગલ્લી દંડા, સાત ઠીકડી, ડોચ બોલ જેવી રમતોનું આયોજન કરાયું હતું. જેમાં કોલેજનો સ્ટાફ અને વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમ કોલેજના આચાર્ય ડો.કેતન નિઝામા માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. રમતમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને આચાર્યને કોલેજ સ્ટાફ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

### વ્યારાના ટીચકપુરા પાસે અજાણ્યા વાહને બાઇકને ટક્કર મારતાં વૃદ્ધાનું મોત

વ્યારા: વ્યારા તાલુકામાંથી પસાર થતાં સુરત-ધુલિયા નેશનલ હાઈવે નં.53 પર ટીચકપુરા ગામની સીમમાં અજાણ્યા ફોર વ્હીલર વાહને મોટરસાઇકલને ટક્કર મારતાં 70 વર્ષીય વૃદ્ધાનું સુરત નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. મળતી માહિતી મુજબ ગત તારીખ 28-08-2026 ના રોજ વ્યારાના માયપુર ગામે રહેતા દિલીપભાઈ ઠાકોરભાઈ ગામીત (ઉં.વ 47) પત્ની અને સાસુને મોટરસાઇકલ નં.(GJ 26 K 9924)ને બેસાડીને ઘોડચીત જઈ રહ્યા હતા. દરમિયાન ટીચકપુરા પાસે સેવન્થ ડે સ્કૂલની સામે ટક્કર મારતાં દિલીપ અને તેની પત્નીને શરીરે નાની મોટી સામાન્ય ઈજા પહોંચી હતી. જ્યારે મોટરસાઇકલ પર સવાર 70 વર્ષીય વૃદ્ધ સાસુ સીતાબેન નગીનભાઈ ગામીત (રહે.,ઘોડચીત, તા.સોનગઢ)ને ગંભીર ઈજા થતાં સુરત નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવી હતી. જ્યાં સારવાર દરમિયાન વૃદ્ધાનું મોત નીપજ્યું હતું.

### વ્યારાના ભોજપુર નજીક ચાર જુગારી ઝડપાયા

વ્યારા : વ્યારાના ભોજપુર નજીક ચાર જુગારીઓ જુગાર રમતા ઝડપાયા હતા. મળતી માહિતી મુજબ ગત તા.29-08-2026ના રોજ બપોરના દોઢ વાગ્યાના અરસામાં પોલીસે ખાનગી રાહે મળેલી બાતમીના આધારે ભોજપુર નજીક ગામે ઘગડ ફળિયામાં આવેલ ગૌચરની જમીનમાં જાહેરમાં જુગાર રમતા ચાર શખ્સોને ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપી ધર્મેશ હરીસિંગ કોંકણી, પિયુષ જેસિંગ કોંકણી, ટીન્કલ વિનોદ કોંકણી, કેતુલ સુલતાન કોંકણી તમામ (રહે.,ભોજપુર નજીક, ઘગડ ફળિયું, તા.વ્યારા) પાસેથી રોકડા રૂ.10,530 મળી કુલ રૂ.19,530નો મુદ્દામાલ કબજે લઈ તમામ આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### બગુમરા ગામમાં યુવકનો ફાંસો ખાઈ આપઘાત

પલસાણા: બગુમરામાં આવેલ મારુતિનંદન એપાર્ટમેન્ટના ફ્લેટ નં. બી-૨૦૪ માં રહેતા અને મૂળ અમદાવાદના સરસપુરના વતની ૩૧ વર્ષીય હરીશ પ્રકાશભાઇ બૈરકે ગત તા. ૨૭મી ઓગસ્ટના રોજ રાત્રે ૯ વાગ્યા પહેલાં પોતાના રૂમમાં સીલિંગ ફેનના હૂક સાથે ચાદર બાંધીને ફાંસો ખાઈ લીધો હતો. આ બનાવ અંગે રૂમ પાર્ટનર સાગર રણજીતભાઈ વાઘેલાએ પલસાણા પોલીસ મથકે જાણ કરી હતી. પોલીસે બનાવ સંદર્ભે અકસ્માતે મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સોડગામ શાળાનાં બાળકોને રમતનાં સાધનો અર્પણ



ભરૂચ: આજના ડિજિટલ યુગમાં મોબાઇલ-ટીવીમાં ખોવાઈ રહેલાં બાળકોને શારીરિક પ્રવૃત્તિઓ સાથે જોડવા માટે જીએમડીસી-જીવીટી (GMDC-GVT) એ સોડગામ પ્રાથમિક શાળામાં CSR પ્રવૃત્તિ અંતર્ગત શાળાને આઉટડોર જીમ, લસરપટ્ટી, ઝુલા સહિતના વિવિધ રમતગમતનાં સાધનો ભેટ કર્યાં છે. આ સાધનોથી વિદ્યાર્થીઓ હવે શાળા પરિસરમાં સુરક્ષિત વાતાવરણમાં શારીરિક કસરત અને રમતગમત કરી શકશે, જે તેમના સર્વાંગી વિકાસમાં મદદરૂપ થશે. આ પ્રસંગે પ્રોજેક્ટના હેડ (PP&A) સત્યપ્રકાશ રાવત, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી દિગ્વિજયસિંહ, શાળાનાં આચાર્યા ચેતનાબેન, CSR પ્રોજેક્ટ મેનેજર ઇસ્માઇલ લાકડાવાલા, માઇન્સના અસિસ્ટન્ટ મેનેજર રાયદે ચાવડા, HR આસિસ્ટન્ટ મેનેજર મહેન્દ્રસિંહ જાડેજા, માઇન સર્વેયર ભાવસિંહ ચુડાસમા, ગ્રામ આગેવાનો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બગુમરામાં મજાક કરવાની ના પાડતાં ચાઈનીઝ લારી પર મારામારી

**બે ભાઈઓએ વેપારી અને તેના સાળા પર હુમલો કર્યો**

પલસાણા: પલસાણાના બગુમરા ગામમાં જાહેરમાં મારામારીનો એક બનાવ પ્રકાશમાં આવ્યો છે. ચાઈનીઝની લારી ચલાવતા એક વેપારી અને તેના સાળા પર બે સગા ભાઈઓએ હુમલો કરી માર માર્યો હોવાની ફરિયાદ પલસાણા પોલીસ મથકમાં નોંધાઈ છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બગુમરા ગામમાં બાલાજી બિલ્ડિંગમાં રહેતા ૩૫ વર્ષીય કેશર ઉજીર વિશ્વકર્મા (લુહાર) ગતરોજ ૨૮ ઓગસ્ટના રોજ સાંજે ૪ વાગ્યાના અરસામાં બાલાજી મેડિકલની સામે પોતાની ચાઈનીઝની લારી પર હાજર હતા. તેમની સાથે તેમનો ૨૫ વર્ષીય સાળો પ્રકાશ ડંમર પણ ત્યાં હતો.

આ સમયે ત્યાં જ રહેતા સાગર બહેરા અને તેનો સગો ભાઈ સમીર બેહરા લારી પર આવ્યા હતા અને ફરિયાદીના સાળા પ્રકાશ સાથે મજાક મસ્તી કરવા લાગ્યા હતા. ચાઈનીઝના ધંધાનો સમય થઈ ગયો હોવાથી કેશરભાઈએ બંને ભાઈઓને મજાક મસ્તી કરવાની ના પાડી હતી. આ સામાન્ય બાબતે ઉશ્કેરાઈ જઈને સાગર અને સમીરે કેશરભાઈ તથા તેમના સાળા પ્રકાશને પકડી લીધા હતા અને ઢીકમુક્કીનો માર મારીને મૂઢ ઈજાઓ પહોંચાડી હતી.

આ ઘટના બાદ ઈજાગ્રસ્ત કેશરભાઈએ સાંજે ૭ વાગ્યે પલસાણા પોલીસ સ્ટેશન પહોંચીને બંને આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે સાગર બહેરા અને સમીર બહેરા વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

હાલ આ સમગ્ર મામલાની વધુ તપાસ પલસાણા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. ભૂપતસિંહ અંદરસિંહ ચલાવી રહ્યા છે.

# પલસાણામાં ઊભેલા વાહન પાછળ બાઈક ઘૂસી જતાં યુવાનનું મોત

**પાર્કિંગ લાઇન કે સિગ્નલ વિના ઊભેલા વાહન સાથે બાઇક અથડાતાં સોનગઢના યુવાને જીવ ગુમાવ્યો**

પલસાણા: પલસાણાના એના ગામ નજીકથી પસાર થતા બારડોલી-પલસાણા નેશનલ હાઈવે નં.૫૩ પર એક ગોઝારો અકસ્માત સર્જાયો હતો. હાઈવે પર કોઈપણ જાતની સિગ્નલ કે પાર્કિંગ લાઈટ વિના જોખમી રીતે ઊભેલા એક વાહન પાછળ મોટરસાઈકલ ધડાકાભેર અથડાતાં સોનગઢના ૨૭ વર્ષીય યુવાનનું મોત નીપજ્યું છે. પલસાણા પોલીસે મૃતકના પિતાની ફરિયાદના આધારે વાહન ચાલક સામે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

અનુસાર ગત તા.૨૭મી ઓગસ્ટના રોજ સાંજે સવા સાત વાગ્યાની આસપાસ નેશનલ હાઈવે પર એના ગામની સીમમાં નં.(HR-55-P-7414) ધરાવતા વાહનના ચાલક વિક્રમ ધરમપાલ કુમાર (ઉં.વ.૨૪) (મૂળ રહે.,ચુરૂ, રાજસ્થાન)એ પોતાનું વાહન રોડ પર ટ્રાફિકને અડચણરૂપ થાય તે રીતે પાર્ક કર્યું હતું. વાહન ઊભું રાખતી વખતે ચાલકે બેરિકેડિંગ, પાર્કિંગ લાઈટ કે અન્ય કોઈ ચેતવણીરૂપ સાઈન બોર્ડ લગાવ્યાં ન હતાં. આ સમયે પાછળથી આવતી યામાહા કંપનીની કાળા કલરની FZ બાઈક નં.(GJ-26-S-0176) ગાડીના પાછળના ભાગે ભયંકર રીતે અથડાઈ હતી. આ ગંભીર અકસ્માતમાં બાઈક સવાર અલ્કેશકુમાર મનાભાઈ ગામીત (ઉં.વ.૨૭) (રહે., આમલગુંડી, તા.સોનગઢ, જિ.તાપી)ને કપાળ અને પેટના ભાગે અત્યંત ગંભીર ઈજા પહોંચી હતી. નાક અને કાનમાંથી લોહી વહેવા લાગતાં તેમને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન આશાસ્પદ યુવાનનું મોત થયું હતું. આ સમગ્ર બનાવ અંગે મૃતકના પિતા મનાભાઈ રૂપજીભાઈ ગામીતે પલસાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે બેદરકારી દાખવનાર વાહન ચાલક વિક્રમ કુમાર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ એ.કે.રાઉલજી ચલાવી રહ્યા છે.

## ચલથાણથી વતન જવાનું કહીને નીકળેલો શ્રમજીવી યુવાન ગુમ

પલસાણા: પલસાણાના ચલથાણ વિસ્તારમાંથી એક ૩૮ વર્ષીય શ્રમજીવી યુવાન પોતાના વતન જવાનું કહીને નીકળ્યા બાદ ભેદી સંજોગોમાં ગુમ થતાં કડોદરા GIDC પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ ફરિયાદ નોંધાઈ છે. મૂળ દાહોદના જેકોટ-નવાગામના વતની અને હાલ પલસાણાના ચલથાણ સ્થિત જલારામનગરમાં સંજુભાઈના રૂમમાં ભાડે રહેતા લિલેશભાઈ બીજીયાભાઈ મેડા (ઉં.વ.૩૮) ગત તા.૨/૮/૨૦૨૬ના રોજ સાંજના ૬ વાગ્યા પછીના કોઈપણ સમયે પોતાના વતન દાહોદ જવા માટે ઘરેથી નીકળ્યા હતા. પરંતુ તેઓ પોતાના વતન પહોંચ્યા ન હતા અને અન્ય કોઈ અજાણી જગ્યાએ ચાલ્યા જતા ગુમ થયા છે.

# મુળદની સત્સંગ સોસાયટીમાં પેટ્રોલ છાંટી સળગી જનારા યુવકનું મોત

**ધર્મેન્દ્રસિંહ વરાસીયા ચેક બાઉન્સને કારણે ટેન્શનમાં હતો, સારવાર દરમિયાન મોત**


કિરણ ઢોડિયા

કીમ: મુળદ ગામની સત્સંગ સોસાયટીમાં રહેતા ૪૦ વર્ષીય ધર્મેન્દ્રસિંહ ગુણવંતસિંહ વરાસીયાએ તા.૨૧ ઓગસ્ટના રોજ પોતાના ઘરે પેટ્રોલ છાંટી સળગવાનો પ્રયાસ કર્યો હતો. ગંભીર રીતે દાઝી જતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. દરમિયાન તા.૨૮ ઓગસ્ટના રોજ સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

પોલીસની જાણવાજોગ નોંધ મુજબ ધર્મેન્દ્રસિંહ વરાસીયા મૂળ ઉમરાછીના રાજપૂત ફળિયામાં રહેતો હતો અને હાલ મુળદ ગામની સત્સંગ સોસાયટીમાં પરિવાર સાથે રહેતો હતો. તા.૨૧ ઓગસ્ટના રોજ બપોરે આશરે ૧ વાગ્યે તેમણે પોતાના ઘરે પેટ્રોલ છાંટી સળગવાનો પ્રયાસ કર્યો હતો, જેના પગલે તેઓ શરીરના મોટા ભાગે ગંભીર રીતે દાઝી ગયો હતો. પ્રાથમિક સારવાર માટે તેને કીમની સાધના હોસ્પિટલમાં લઈ જવાયા બાદ વધુ સારવાર માટે કિરણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ તા.૨૫ ઓગસ્ટના રોજ વધુ સારવાર માટે સાયણની જીવનરક્ષા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તા.૨૮ ઓગસ્ટના રોજ સાંજે ૩:૪૫ વાગ્યે સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. પોલીસની પ્રાથમિક માહિતી મુજબ ધમેન્દ્રસિંહના વાહનના હપ્તા બાકી હોવાથી ચેક બાઉન્સ થયો હતો અને આ કારણે તેઓ છેલ્લા બે-ત્રણ દિવસથી માનસિક તણાવમાં હોવાનું જાણવા મળ્યું છે. આ પરિસ્થિતિમાં આવેશમાં આવી તેણે આ પગલું ભર્યું હોવાનું પોલીસ નોંધમાં જણાવાયું છે.

# માંડવી નજીક બાઈક ચાલકે અડફેટે લેતાં વૃદ્ધનું મોત

માંડવી: માંડવીના ભલેડી ગામ નજીક પૂરપાટ ઝડપે આવી રહેલા સ્પ્લેન્ડર મોટરસાઈકલના ચાલકે રસ્તે ચાલી રહેલા એક વૃદ્ધને જોરદાર ટક્કર મારતાં ગંભીર ઈજા પહોંચી હતી. આથી તેમને નવી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન વૃદ્ધનું મોત નીપજ્યું હતું. આ બનાવમાં પોલીસે બાઈક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ માંડવીના લાડકૂવા ગામે હોળી ફળિયામાં રહેતા બાબુભાઈ શામજીભાઈ ચૌધરી (ઉં.વ.૬૪) માનસિક અસ્વસ્થતા ધરાવતા હોવાથી કોઈને કહ્યા વિના ઘરેથી નીકળી ગયા હતા. પરિવારજનો દ્વારા તેમની શોધખોળ ચાલી રહી હતી. ત્યારે ભલેડી ગામ બસ સ્ટેશન પાસે તેમનો અકસ્માત થયો હોવાની જાણ થઈ હતી. ઝંખવાવ-માંડવી રોડ પર મોજે-ભલેડી ગામ નજીક વળાંકમાં સ્પ્લેન્ડર મોટરસાઈકલ નં.(GJ-19-BD-0625)ના ચાલક વિપુલભાઈ સુખદેવભાઈ ચૌધરી (રહે.,ભલેડી ગામ, મંદિર ફળિયું, તા.માંડવી)એ પોતાની બાઈક પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી બાબુભાઈને અડફેટે લીધા હતા.

આ અકસ્માતમાં બાબુભાઈને માથાના તેમજ શરીરના અન્ય ભાગે ગંભીર ઈજા પહોંચતાં તાત્કાલિક ૧૦૮ મારફતે ઝંખવાવ સરકારી હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર અર્થે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા.

જ્યાં સારવાર દરમિયાન ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે મૃતકનાં પત્ની ગીતાબેન ચૌધરીની ફરિયાદના આધારે માંડવી પોલીસે બાઈક ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# કોસંબા-તરસાડીને અલગ તાલુકો બનાવવા માંગ

**કોસંબા-તરસાડીને વર્ષોથી નજરઅંદાજ કરાતાં લોકોમાં ભારે નારાજગી**


ઈબ્રાહીમ કાનુ

હથોડા: કોસંબા અને તરસાડી આસપાસનાં ૫૫થી વધુ ગામોનો વિસ્તાર ભૌગોલિક, સામાજિક અને આર્થિક દૃષ્ટિએ નવો તાલુકો બનવાની તમામ સુસંગત પાત્રતા ધરાવે છે. આટલો મોટો વિસ્તાર હોવા છતાં, રાજ્ય સરકાર અને પ્રશાસન દ્વારા લોકોની વર્ષો જૂની ન્યાયિક માંગણીને સતત નજરઅંદાજ કરવામાં આવી રહી છે, જેને કારણે સમગ્ર વિસ્તારની જનતા અને વેપારી આલમમાં ભારે નારાજગી તથા રોષની લાગણી વ્યાપી ગઈ છે.

આ મુદ્દે તરસાડીના જાગૃત નાગરિક બળવંત ઈશ્વરભાઈ પંચાલ અને કોસંબાના જાણીતા એડ્વોકેટ ફારૂક યુ. શેખ દ્વારા સંબંધિત સરકારી કચેરીઓમાં વારંવાર લેખિત રજૂઆતો કરીને ઉકેલ લાવવા માંગ કરાઈ છે. રજૂઆતકર્તાઓના જણાવ્યા મુજબ કોસંબા અને તરસાડી એકબીજા સાથે જોડાયેલા સિક્કાની બે બાજુ સમાન અત્યંત વિકસિત વિસ્તારો છે, જેમાં તરસાડી તો નગરપાલિકાનો દરજ્જો પણ ધરાવે છે. આ બંને મુખ્ય વિસ્તારોની સંયુક્ત વસતી જ આશરે ૬૫થી ૭૦ હજાર જેટલી થવા જાય છે.

કોસંબાની આસપાસમાં પીપોદરા, હથોડા, વેલાછા, શેઠી, પાણેથા, લિંબાડા, દીણોદ, લુવારા, કઠવાડા, પાલોદ, મોટી નરોલી, વાલેસા, મોટા બોરસરા, છમુછલ, કોઠવા, ભાટકોલ, શિયાલજ, કુંવારદા, હથુરણ, સાવા, નંદાવ, મોટી પારડી અને નાના બોરસરા સહિત અલગ-અલગ પાંચ તાલુકાના અન્ય અડીને આવેલા ગામડાંનો કોસંબામાં સમાવેશ કરીને તાલુકાનો દરજ્જો આપી શકાય તેમ છે, પરંતુ તંત્ર દ્વારા ધ્યાન આપવામાં આવતું નથી.

અહીં જંક્શન રેલવે સ્ટેશન, સરકારી તથા અર્ધસરકારી કચેરીઓ, હાઈસ્કૂલો અને કોલેજો જેવી ઉત્તમ માળખાકીય સુવિધાઓ પહેલેથી જ ઉપલબ્ધ છે. ઉપરાંત સોલાર પેનલ પ્લાન્ટ્સ, પંડવાઈ સુગર ફેક્ટરી તેમજ પીપોદરા અને પાલોદ જેવા વિસ્તારોમાં ૫,૦૦૦થી વધુ નાનાં-મોટાં ઔદ્યોગિક એકમો તથા ફેક્ટરીઓ ધમધમી રહી છે. આટલી મોટી સંખ્યામાં ઉદ્યોગો હોવાથી આ ક્ષેત્ર આર્થિક અને રોજગારીની દૃષ્ટિએ પણ અત્યંત સક્ષમ છે.

જો આ વિસ્તારને સ્વતંત્ર તાલુકાનો દરજ્જો અપાય તો સ્થાનિક નાગરિકો, ખેડૂતો અને વેપારીઓને સરકારી કે વહીવટી કામકાજ માટે છેક માંગરોળ સુધીનો લાંબો અને સમય બગાડતો ચકરાવો કાપવો નહીં પડે. તંત્ર અને રાજ્ય સરકાર આ ગંભીર બાબતે તાત્કાલિક ધોરણે સરવે કરાવે અને લોકભાવનાનો આદર કરીને કોસંબા-તરસાડીને અલગ તાલુકો જાહેર કરવાનો સત્વરે નિર્ણય લે તેવી માંગ ઊઠી છે.


Milano MULTIPLEX
બારડોલી
Toxic
10:00am, 11:00am, 01:00pm, 02:00pm, 02:45pm, 05:00pm, 06:15pm, 09:00pm, 09:30pm, 10:00pm
Tom And Cherry
Gujarati - 05:45pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333